GJVD010062032021

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૩૦-૧૧-૨૦૨૧ | | |
| નોંધ્યા તારીખ | : | ૩૦-૧૧-૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | : | ૩૧-૦૭-૨૦૨૩ | | |
| સમય ગાળો | : | ૦૧ | ૦૮ | ૦૦ |
| | | વર્ષ | માસ | દિવસ |

# <u>સ્પેશીયલ જજ (એટ્રોસીટી કેસીસ) ની કોર્ટમાં, મુ.વડોદરા</u>

**એટ્રોસીટી કેસ નં.૪૩/૨૦૨૧**
**આંકઃ**

શ્રી સરકાર
(મકરપુરા પોલીસ સ્ટેશન,
પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૬૦૧૬૨૧૧૧૮૭/૨૦૨૧
નયનાબેન રાજેશભાઈ સોલંકી,
રહેવાસીઃ મકાન નં.૯-બી, શ્રીજી બંગલોઝ,
જાંબુઆ જકાતનાકા, વડોદરા શહેર.) **ફરીયાદી**

*-:: વિ રૂ દ્ધ ::-*

૧. અર્પિતાબેન ઉર્ફે એકતાબેન કેતનકુમાર શર્મા,
ઉંમર વર્ષઃ ૩૪ વર્ષ, ધંધોઃ ઘરકામ,

૨. કેતનકુમાર ગોવિંદભાઈ શર્મા,
ઉંમર વર્ષઃ ૩૯ વર્ષ, ધંધોઃ વેપાર,

બંને રહેવાસીઃ સી-૨૩, તુલસીશ્યામ સોસાયટી,
પદમ પાર્ક સોસાયટી પાછળ,
નોવીનો રોડ, મકપુરા, વડોદરા શહેર. **આરોપીઓ**

---

**ગુન્હોઃ** **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ – ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ), ૧૯૮૯ ની કલમ – ૩(૧)(આર), (એસ), ૩(૨)(૫-એ) મુજબ.**

---

ફરીયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી ડી.જે.નાળિયેરવાળા.
આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી આર.પી.જોષી.

---

**-:: <u>ઠરાવ</u> ::-**

૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખઃ૦૩.૧૦.૨૦૨૧ ના રોજ રાત્રીના સાડા આઠેક વાગ્યાના સુમારે ફરિયાદી નયનાબેન રાજેશભાઈ સોલંકીનાઓ પોતાના પતિની માલીકીની ગાડી તેમના પતિની પ્રથમ પત્નીનો દિકરો માહીર કે જે તેઓના મામાના ઘરે રહેતો હોય તે લઈ ગયેલ તેની ચાવી તેની પાસે હોય, પોતાના પતિ સાથે તેના રહેણાંકના ઘરે એટલે કે તુલશીશ્યામ સોસાયટી, નોવીનો – તરસાલી રોડ ખાતે લેવા ગયેલ અને ઘરના ગેટ બહાર ઉભા રહી ચાવી માંગેલ. આ સમેય ફરિયાદીના પતિ રાજેશભાઈની સાળાવેલી એકતાબેન શર્મા નાઓ (આરોપી નં.૧) ફરિયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણતાં હોવા છતાં, ઘરની બહાર આવીને ફરિયાદીને "તું મારા ઘરે કેમ આવેલ છે? તું તો હાવ ગરીબ ઘરની છે તારી શેની ફોર વ્હીલ ગાડી, આ ગાડી મારા જીજાજીની છે" તેવુ કહેવા લાગેલ. આથી, ફરિયાદીએ તેમને શાંત રહેવાનું કહી "મને ફક્ત ગાડીની ચાવી આપી દો હું જતી રહીશ" તેમ કહેતાં, તેણીએ ફરિયાદીને ગંદી ગાળો આપેલ અને ફરિયાદીને ગાળો ન આપવા જણાવતાં કેતનભાઈ (આરોપી નં.૨) તથા માહીરનાઓ બહાર આવેલ અને ઉશ્કેરાઈ જઈ ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી, એકતાબેને ફરિયાદીને ધક્કો મારી "અહિયાંથી નિકળ નહીં તો જાનથી મારી નાંખીશ" તેવી ધમકી આપેલ અને ફરિયાદીએ તેમનો હાથ પકડી લેતાં એકતાબેને ફરિયાદી સાથે ઝપાઝપી કરી તેણીના ડાબા ગાલે થપ્પડ મારી, ડાબા હાથના કાંડામાં મુક્કા મારી નીચે પાડી દઈ પેટના ભાગે ઈજા કરેલ. ફરિયાદીએ પોલીસ મદદ માટે ફોન કરતાં, બંન્ને આરોપીઓ ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી નાશી ગયેલ.

૨. ફરિયાદીએ ઉપર મુજબની ફરિયાદ નોંધાવતા, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ), ૧૯૮૯ ની કલમ–૩(૧)(આર), (એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હાઓની મકરપુરા પોલીસ સ્ટેશન, પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૬૦૧૬૨૧૧૧૮૭/૨૦૨૧થી તારીખઃ ૦૪.૧૦.૨૦૨૧ ના રોજ નોંધાયેલ.

૩. સદર ગુન્હો નોંધાતા, તપાસ કરનાર અમલદારને આ કામની તપાસ સોંપવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની (ટુંકમાં સંહિતા) કલમ–૧૬૧ મુજબ લાગતાવળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ગુન્હાવાળી

જગ્યાનું પંચનામુ કરેલ. ત.ક.અમલદારે ઈજા પામનારનું સારવાર પ્રમાણપત્ર મેળવેલ તેમજ આરોપીઓની અટક પણ પંચનામાઓની વિગતે કરેલ. ત્યારબાદ, જરૂરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા, અત્રેની અદાલત સમક્ષ સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબ ચાર્જશીટ રજુ કરતાં, સદર ચાર્જશીટને સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નં.૪૩/૨૦૨૧ થી નોંધવામાં આવેલ છે.

૪. ચાર્જશીટ રજુ થતાં સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) મુજબ ગુન્હાનું કોગ્નીઝન્સ લઇ, આરોપીઓ વિરૂધ્ધ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં, આરોપીઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, આંક–૦૫થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ઘડવામાં આવેલ અને આરોપીઓએ અનુક્રમે આંક–૦૬ તથા ૦૭ સુધીના જવાબથી ગુન્હાનો ઈન્કાર કરેલ. પરિણામે, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

૫. ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | જયેન્દ્રકુમાર પરસોત્તમભાઈ ડાભી (ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ) | ૦૮ |
| ૨. | નયનાબેન રાજેશભાઈ સોલંકી (ફરિયાદી) | ૧૧ |
| ૩. | રાજેશભાઈ મગનભાઈ સોલંકી (સાહેદ) | ૧૪ |
| ૪. | જયેશભાઈ ચંદુભાઈ પટેલ (સાહેદ) | ૧૭ |
| ૫. | વાલ્મીક સોનુભાઈ માળી (સાહેદ) | ૧૮ |
| ૬. | જીગ્નેશ ઈશ્વરભાઈ પટેલ (પોલીસ સાહેદ) | ૨૩ |
| ૭. | ધર્મેન્દ્રસિંહ ખુમાનસિંહ રાઠોડ (તપાસ કરનાર અમલદાર) | ૨૫ |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૯ |

| | | |
|---|---|---|
| ૨. | અસલ ફરિયાદ | ૧૨ |
| ૩. | ફરિયાદીના જાતિના પ્રમાણપત્રની નકલ | ૧૩ |
| ૪. | ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૧૫ |
| ૫. | સ્ટેશન ડાયરીની નકલ | ૧૯ |
| ૬. | તપાસ સંભાળી લેવા કરેલ યાદી | ૨૪ |

૫.૧ ઉપરોકત મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતાં તેમજ વિ.એપીપીશ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવા અંગે ક્લોઝીંગ પુરશીશ રજુ કરતાં, ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ અને સબબ કામ આરોપીઓના વિશેષ નિવેદન માટે મુલત્વી રાખવામાં આવેલ.

૫.૨ ફરિયાદ પક્ષના કેસમાં આરોપીઓ વિરૂધ્ધ આવતી હકીકતો અને સંજોગો આરોપીઓને સમજાવવામાં આવેલ અને સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ પુરાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ. આરોપીઓએ જણાવેલ છે કે બચાવમાં તેઓ સાહેદ તપાસવા કે સોંગદ પર જુબાની આપવા માંગતાં નથી. આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે તેઓ સામે ખોટી ફરિયાદ કરેલ છે અને તેઓ નિર્દોષ છે.

૬. ત્યારબાદ, ફરિયાદ પક્ષ તરફે વિ.એપીપીશ્રી અને આરોપીઓ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

૭. કેસની હકીકત તેમજ પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

*(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવું પુરવાર કરે છે કે તારીખઃ ૦૩.૧૦.૨૦૨૧ના રોજ રાત્રીના સાડા આઠેક વાગ્યાના સુમારે ફરિયાદી નયનાબેન રાજેશભાઈ સોલંકીનાઓ તેઓના પતિની માલીકીની ગાડીની ચાવી તેમના પતિ સાથે આરોપી નં.૧ના ઘરે એટલે કે તુલશીશ્યામ સોસાયટી, નોવીનો-તરસાલી રોડ ખાતે લેવા ગયેલ અને ઘરના ગેટ બહાર ઉભા રહી ચાવી માંગતાં આરોપી નં.૧ નાઓએ ફરિયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણતાં હોવા છતાં, ઘરની બહાર આવીને ફરિયાદીને "તું મારા ઘરે કેમ આવેલ છે? તું તો હાવ ગરીબ ઘરની છે તારી શેની ફોર વ્હીલ ગાડી, આ ગાડી મારા જીજાજીની છે" તેમ કહી તેમજ ફરિયાદીએ તેણીને શાંત રહેવાનું કહેતાં, આરોપી નં.૧નાઓએ ફરિયાદીને ગંદી ગાળો આપી તેમજ આરોપી નં.૨ તથા માહીરનાઓએ પણ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી સાથે*

*બોલાચાલી ઝઘડો કરી, આરોપી નં.૧નાઓએ ફરિયાદીને ધક્કો મારી "અહિયાંથી નિકળ નહીં તો જાનથી મારી નાંખીશ" તેવી ધમકી આપી અને આરોપી નં.૧નાઓએ ફરિયાદી સાથે ઝપાઝપી કરી ડાબા ગાલે થપ્પડો મારી ડાબા હાથના કાંડામાં મુક્કા મારી ફરિયાદીને નીચે પાડી દઈ પેટના ભાગે ઈજા કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?*

*(૨) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવું પુરવાર કરે છે કે, ઉપરોક્ત સમયે અને સ્થળે આરોપીઓએ આ કામના ફરિયાદી અનુસુચિત જાતિના સભ્ય છે તેવું જાણતાં હોવા છતાં તેઓનું જાહેરમાં અપમાન કરી તેમજ તેણી વિરૂધ્ધ અધિનિયમની અનુસુચિમાં જણાવેલ ગુન્હાઓ આચરીને અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ), ૧૯૮૯ ની કલમ-૩(૧)(આર), (એસ), ૩(૨)(૫-એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?*

*(૩) શું હુકમ?*

ઉપરોકત મુદ્દાઓ માટેના નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છેઃ

(૧) નકારમાં,
(૨) નકારમાં,
(૩) આખરી હુકમ મુજબ.

**-::કા ર ણો::-**

૮. **મુદ્દા નંબર : ૧ તથા ૨ :**

ઉપરોક્ત બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય , બંન્ને મુદ્દાઓની ચર્ચા અત્રે એક સાથે કરવામાં આવે છે.

૯. આ કામે ફરિયાદ પક્ષ દ્વારા ગુન્હાવાળી જગ્યાનું પંચનામું (આંક-૦૯) પુરવાર કરવા, પંચ સાહેદ – જયેન્દ્રકુમાર પરસોત્તમભાઈ ડાભીને (સાહેદ નં.૧, આંક-૦૮) તપાસવામાં આવેલ છે. સદર સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો, એટલું નોંધવુ પુરતું છે કે આ પંચ સાહેદ સંપુર્ણપણે હોસ્ટાઈલ છે અને તેઓના પુરાવા પરથી પંચનામુ પુરવાર થતું નથી. તપાસ કરનાર અમલદાર સાહેદ ધર્મેન્દ્રસિંહ ખુમાનસિંહ રાઠોડે પણ તેઓની જુબાની દરમ્યાન પંચનામુ પુરવાર થાય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. સદર પંચનામાના બીજા પંચ સાહેદ કેયુરભાઈ નવીનચંદ્ર ડાભીનાઓને અત્રેની અદાલત દ્વારા સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં તે સમન્સ વગર તેઓને બજી ગયેલ હોવા છતાં તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ નથી જેથી ફરિયાદપક્ષ દ્વારા સદર પંચ સાહેદને તપાસી શકાયેલ નથી .

આમ, આ કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર માની શકાય નહી.

૧૦. હવે, ફરિયાદ પક્ષે નોંધવામાં આવેલ મૌખિક પુરાવા પૈકી ફરિયાદી – ઈજા પામનાર નયનાબેન રાજેશભાઈ સોલંકી (સાહેદ નં.૨, આંક–૧૧) નો પુરાવો મહત્વનો છે. સદર સાહેદ નં.૨ નયનાબેને મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ આશરે બે–એક વર્ષ પહેલા બનેલ જેમાં તેઓના ઘરમાં તેમના પતિ, દિકરો હેત હાજર હતાં અને તેઓ તેમના પતિની ફોર વ્હીલર કાર બલેનો જે તેઓના પતિના અગાઉના પત્નીથી થયેલ દિકરા માહીર પાસે હતી અને માહીર તેના મામાના ઘરે રહેતો હોય તે લઈ ગયેલ જેથી તેઓ તેના રહેવાના સ્થળે તુલસીશ્યામ સોસાયટી, તરસાલી રોડ ખાતે ગાડીની ચાવી લેવા ગયેલા અને તેમના ઘર આગળ બહાર ઉભા રહી તેઓના પતિ રાજેશભાઈએ તેમના સાળાવેલી એકતાબેન પાસે ગાડીની ચાવી માંગેલ, જે બાબતે તેઓને એકતાબેન અને કેતનભાઈ સાથે સામાન્ય બોલાચાલી થયેલી જે અંગેની તેઓએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ. સાહેદ ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવતાં હોય સદર ફરિયાદ આંક–૧૨ થી રજુ થયેલ છે. આ સાહેદે એવું જણાવેલ છે કે, આ બનાવમાં મારામારી થઈ હોય કે, કોઈ જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલેલ હોય તેવું બનેલ હોય તેવું બનેલ નથી. આ સાહેદે એવું જણાવેલ છે કે, તેઓએ પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલી અને આ કામે પોલીસે તેઓની વિશેષ પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલું તેમજ સાહેદે તેમની જાતિનું પ્રમાણપત્ર પોલીસ સમક્ષ રજુ કરેલજે આંક–૧૩ થી રજુ કરેલ છે.

૧૦.૧ આ ફરિયાદી સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતાં ન હોય, વિ.એ.પી.પી.શ્રીને સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પૂછી શકાય તેવાં પ્રશ્ન પુછવાની પરવાનગી આપવાં છતાં, ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

૧૦.૨ સદર સાહેદે તેઓની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેમના સંબંધી થાય છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ બાબતે તેઓની સામ સામે ફરિયાદો થયેલી છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ કહેવાતા બનાવ સમયે અપશબ્દો બોલેલ હોય, જાતિ વિષયક શબ્દો બોલેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું

બનેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ સમયે તેઓના વચ્ચે મારા મારી થયેલ હોય તેવું બનેલ નહીં.

૧૦.૩ આમ, સદર મહત્વના સાહેદ કે જેઓ હાલના બનાવમાં ઈજા પામનાર સાહેદ (ફરિયાદી) છે અને તેઓએ તેમના પુરાવામાં તેઓને કોઈ ઈજા થયેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી તેમજ સદર સાહેદે તેમના પુરાવામાં તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલાનું જણાવેલ છે. સદર સાહેદે એવું જણાવેલ છે કે, આ બનાવમાં મારામારી થઈ હોય કે, કોઈ જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલેલ હોય તેવું બનેલ હોય તેવું બનેલ નથી. આમ, ફરિયાદી પોતાના પુરાવામાં ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપતાં નથી અને ફરિયાદ હકીકતે સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, ફરિયાદીના પુરાવા પરથી આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો પુરવાર થાય તેવી કોઇ જ હકીકત ફલીત થતી નથી. ફરિયાદીએ તેઓની જુબાનીમાં જણાવેલ હકીકતો પરથી માત્ર તેઓની આરોપીઓ સાથે બોલાચાલી થયેલ તેટલું જ ફલીત થાય છે પરંતુ આરોપીઓએ કોઇ ગુન્હાહીત કૃત્ય કરેલ હોય તેવું ફલીત થતું નથી અને તેઓની જુબાનીથી ફરિયાદ હકીકત પણ પુરવાર થતી નથી. આમ, આ સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ નથી.

૧૧. હવે, સાહેદ રાજેશભાઈ મગનભાઈ સોલંકીની (સાહેદ નં.૩, આંક-૧૪) જુબાની વંચાણે લેવામાં આવે તો, આ સાહેદે મુખ્યત્વે જણાવેલ છે કે, તારીખઃ ૦૩.૧૦.૨૦૨૧ના રોજ તેઓ તેમના ઘરે હાજર હતા અને તેમની પત્ની નયનાબેન (ફરિયાદી) આરોપીઓના ઘરે ચાવી લેવા ગયેલ અને ત્યારબાદ રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યાના સુમારે તેમના પત્નીને ફોન કરી પુછેલ કે, હાલમાં તું ક્યાં છે? તો તેણે જણાવેલ કે "હું કેતનભાઈના ઘરે આવેલ છું અને આ લોકો મારી સાથે બોલાચાલી કરે છે", જેથી તેઓ તરત તેમના સાળા કેતનભાઈના (આરોપી નં.૨) ઘરે ગયેલા જયાં સામાન્ય બોલાચાલી ચાલતી હતી. આ સાહેદે એવું જણાવેલ છે કે, તેમની પત્ની નયનાબેને ૧૦૦ નંબર ઉપર ફોન કરી પોલીસની ગાડી બોલાવેલ અને તેમાં બેસીને તેઓએ મકરપુરા પોલીસ સ્ટેશન જઈ પોલીસ ફરિયાદ કરેલ. આ સાહેદે એવું જણાવેલ છે કે, તેમની પત્નીને ચક્કર આવતાં હોવાથી, તેઓ તેણીને શ્રીજી હોસ્પિટલ માણેજા ખાતે લઈ ગયેલ અને સારવાર કરાવેલ અને આ બનાવની તેમની પત્નીએ ફરિયાદ આપેલ હોય પોલીસે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલું. આ સાહેદે આરોપીઓને ઓળખી બતાવેલ છે.

૧૧.૧ સદર સાહેદે તેઓની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી તેમના સંબંધી થાય છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ બાબતે તેઓની સામ સામે ફરિયાદો થયેલી છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ કહેવાતા બનાવ સમયે અપશબ્દો બોલેલ હોય, જાતિ વિષયક શબ્દો બોલેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું તેઓએ જોયેલ નથી કે સાંભળેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ સમયે તેઓ હાજર ન હતાં. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસ સ્ટેશનમાં સમાધાનનાં પ્રયત્નો કરેલા.

૧૧.૨ આમ, સદર સાહેદ કે જેઓ ફરિયાદીના પતિ થાય છે, તેઓના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓના પુરાવાથી માત્ર ફરિયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલાની હકકીત બહાર આવે છે પરંતુ તેઓના પુરાવાથી ફરિયાદીને ઈજા કોણે કરેલી અને શું બનાવ બનેલો તે અંગેની કોઇ હકીકત પુરવાર થતી નથી. આ સાહેદના પુરાવા પરથી પણ આરોપી વિરૂધ્ધ લેશમાત્ર હકીકત ફલીત થતી નથી અને તેઓનો પુરાવો જોવામાં આવે તો ખરી હકીકતે શું બનાવ બનેલ તે ફલીત થતું નથી.

૧૨. હવે, સાહેદ જયેશભાઈ ચંદુભાઈ પટેલ (સાહેદ નં.૪, આંક-૧૭)નાઓનો પુરાવો જોવામાં આવે તો સદર સાહેદે મુખ્યત્વે એવું જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેમજ આરોપીઓને તેઓ ઓળખે છે જેઓ તેમના પડોશી છે અને તા.૦૩.૧૦.૨૦૨૧ના રોજ રાત્રીના તેઓ તેમના ઘરે હાજર હતાં ત્યારે સોસાયટીમાં બોલાચાલીનો અવાજ આવતાં તેઓએ ઘરની બહાર નિકળી જોયેલ તો કેતનભાઈના ઘર પાસે નયનાબેન, એકતાબેન તેમજ માહીર વચ્ચે અંદરો અંદર સામાન્ય બોલાચાલી થઈ હતી અને તેઓએ વચ્ચે પડી તેઓને શાંત પાડેલ પરંતુ આ બોલાચાલી ઝઘડો શાના કારણે બનેલ તે જાણવા મળેલ નહીં. આ સાહેદે એવું જણાવેલ છે કે, નયનાબેને ફરિયાદ કરેલ હોય તે સંબંધે પોલીસે તેમની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલું, તેઓ આરોપીઓને ઓળખે છે.

૧૨.૧ સદર સાહેદે તેઓની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને ફરિયાદી એકબીજાના સંબંધી થાય છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ બાબતે તેઓની સામ સામે ફરિયાદો થયેલી છે. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ સમયે અપશબ્દો કે કોઈ

જાતિ વિષયક શબ્દો સાંભળેલા નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું તેઓએ જોયેલ નથી કે સાંભળેલ નથી.

૧૨.૨ આમ, સદર સાહેદ કે જેઓ બનાવ નજરે જોનાર છે તેઓના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓના પુરાવાથી માત્ર ફરિયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલાની હકકીત બહાર આવે છે પરંતુ તેઓના પુરાવાથી ફરિયાદીને ઈજા કોણે કરેલી અને શું બનાવ બનેલો તે અંગેની કોઇ હકીકત પુરવાર થતી નથી. આ સાહેદના પુરાવા પરથી પણ આરોપી વિરૂધ્ધ લેશમાત્ર હકીકત ફલીત થતી નથી અને તેઓનો પુરાવો જોવામાં આવે તો ખરી હકીકતે શું બનાવ બનેલ તે ફલીત થતું નથી.

૧૩. પોલીસ સાહેદ વાલ્મીક માળીની (સાહેદ નં.૫, આંક–૧૮) જુબાની વંચાણે લેવામાં આવે તો, આ સાહેદે મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૦૪.૧૦.૨૦૨૧ના રોજ તેઓ પી.એસ.ઓ. તરીકે મકરપુરા પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે ફરિયાદી નયનાબેન રાજેશભાઈ સોલંકીનાઓની પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.આઈ.પટેલના રૂબરૂની ફરિયાદ આધારે તેઓએ સ્ટેશન ડાયરી નં.૧૬/૨૦૨૧થી ૧૬–૨૦ વાગ્યે મકરપુરા પોલીસ સ્ટેશન, પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૭/૨૦૨૧થી ઈ.પી.કો. કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો ગુનો નોંધેલ. વધુમાં સદર સાહેદે તેમના પુરાવામાં સ્ટેશન ડાયરીની ખરી નકલ આંક–૧૯ થી રજુ કરેલ છે.

૧૩.૧ બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરિયાદનાં આધારે ગુનો નોંધી તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની તપાસ, તપાસ અધીકારીને સોંપ્યા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

૧૩.૨ આમ, આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરિયાદના આધારે માત્ર ગુન્હો જ નોંધેલ છે અને અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી. આમ, તેઓના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધ કોઇ હકીકત ફલીત થતી નથી.

૧૪. હવે, ફરિયાદ લેનાર પોલીસ અધીકારી જીગ્નેશભાઈ ઈશ્વરભાઈ પટેલની (સાહેદ નં.૬, આંક–૨૩) જુબાની વંચાણે લેવામાં આવે તો, આ સાહેદે મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ તા.૦૪.૧૦.૨૦૨૧ના રોજ મકરપુરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ પર હાજર હતાં ત્યારે આ કામના ફરિયાદી નયનાબેન રાજેશભાઈ સોલંકીનાઓએ તેમના રૂબરૂ આવી ફરિયાદ લખાવેલ, જે ફરિયાદ લખી લઈ સદર ફરિયાદ તેઓએ પી.એસ.ઓ.

વાલ્મીકભાઈને ગુનો રજીસ્ટર કરવા મોકલી આપેલ. આ સાહેદે એવું જણાવેલ છે કે, પી.એસ.ઓ. એ ફરિયાદના આધારે મકરપુરા પોલીસ સ્ટેશન, પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૧૧૮૭/૨૦૨૧થી ગુનો રજીસ્ટર કરી સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ તેમજ સદર ગુનો એટ્રોસીટી એક્ટ હેઠળ બનતો હોય, આગળની તપાસ મદદનીશ પોલીસ કમિશ્નર, એસ.સી.–એસ.ટી. સેલ, વડોદરા તરફ મોકલી આપેલ. આ સાહેદે તેમના પુરાવામાં તપાસ સંભાળી લેવા કરેલ યાદી આંક–૨૪ થી રજુ કરેલ છે.

૧૪.૧ બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરિયાદ લખી લઈ અને રજીસ્ટ્રેશન કરવા માટે પી.એસ.ઓ.ને મોકલી આપ્યા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

૧૪.૨ આમ, આ સાહેદ ફરિયાદ તેઓના રૂબરૂની છે તેવું જણાવેલ છે પરંતુ આ સાહેદ અને ફરિયાદીની જુબાની એકી સાથે વંચાણે લેવામાં આવે તો આ સાહેદનાં પુરાવાનું ખાસ મહત્વ રહેતું નથી.

૧૫. હવે, તપાસ કરનાર અમલદાર ધર્મેન્દ્રસિંહ ખુમાનસિંહ રાઠોડની (સાહેદ નં.૭, આંક–૨૫) જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ એ.સી.પી., એસ.સી.–એસ.ટી. સેલ, વડોદરા તરીકે ફરજ બજાવતાં હતાં અને તા.૦૪.૧૦.૨૦૨૧ના રોજ મકરપુરા પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૭/૨૦૨૧ના ગુનાની તપાસ તેઓને સોંપતા, તેઓએ તપાસ સંભાળેલી. આ સાહેદે એવું જણાવેલ છે કે, તપાસના કામે સાહેદ રાજેશભાઈ સોલંકીનાઓનું નિવેદન લીધેલ, ફરિયાદી નયનાબેનનું વિશેષ નિવેદન તેમજ સાહેદ અતુલભાઈ ઈન્દ્રવદન, જયેશ ચંદુભાઈના નિવેદનો નોંધેલા, ગુનાવાળી જગ્યાનું બે પંચોની હાજરીમાં પંચનામું કરેલું, ફરિયાદીનું જાતિ પ્રમાણપત્ર મેળવેલ. આ સાહેદે એવું જણાવેલ છે કે, તેઓએ તપાસના કામે સારવાર પ્રમાણપત્ર મેળવેલ તેમજ તપાસના કામે તેઓએ બંને આરોપીઓને અટક કરેલા અને કોર્ટ રૂબરૂ રજુ કરેલ. આ સાહેદે એવુ જણાવેલ છે કે આ કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા પડતાં હોય કોર્ટમાં ચાર્જશીટ કરેલું તેમજ આ કેસમાં અન્ય એક જુવેનાઈલ હોઈ તેના વિરૂધ્ધ તેઓએ અલગથી કાર્યવાહી કરેલ છે.

૧૫.૧ બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ બાબતે સામ સામે ફરિયાદ થયેલી તેમજ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓ અને ફરિયાદી એકબીજાના સગા સંબંધી થતાં હતાં.

૧૫.૨ આમ, તપાસ કરનાર અમલદારનો પુરાવો જોવામાં આવે તો, તેઓ તેમના પુરાવામાં મુખ્યત્વે તપાસની વિગતો જણાવેલ છે પરંતુ આ સાહેદનો પુરાવો મુખ્ય સાહેદોના પુરાવા સાથે જોવામાં આવે તો ફરિયાદ પક્ષનાં કેસને ખાસ મદદરૂપ નથી. આ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેમનો પુરાવો ફોર્મલ સ્વરૂપનો છે અને આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેવી કોઇ જ હકીકત તેઓના પુરાવાથી પુરવાર માની શકાય તેમ નથી. આ કામે મેડીકલ પ્રમાણપત્ર પણ રજુ થયેલ છે પરંતુ સદર પ્રમાણપત્ર પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી નથી.

૧૬. આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે બનાવ બાબતે આગળ ચર્ચા કરી તે મુજબ મહત્વનાં સાહેદોનો પુરાવો માનવાલાયક નથી અને એકબીજાને સમર્થનકારી જણાતો નથી. આ ઉપરાંત, આ કામે ગુનાવાળી જગ્યાનાં પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આ કામે ફરિયાદી–ઈજા પામનાર સાહેદ તથા અન્ય સ્વતંત્ર સાહેદો ફરિયાદ પક્ષ ના કેસને સમર્થનકારી પુરાવો આપતાં ન હોય, તપાસ કરનાર અમલદારનાં પુરાવાનું પણ ખાસ મહત્વ રહેતું નથી અને તપાસ કરનાર અમલદારની જુબાની વંચાણે લેવામાં આવે તો પણ, આરોપીઓ સામેનું તહોતમ પુરવાર માની શકાય તેમ નથી.

૧૭. આમ, ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરિયાદી–ઈજા પામનાર સાહેદ તથા ફરીયાદીના નજીકના સાહેદ તથા અન્ય સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપરના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને તથા ફરિયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન મળેલુ નથી તેમજ ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલા પંચનામું કાયદા મુજબ પુરવાર થયેલ નથી અને પોલીસ સાહેદો દ્વારા તેમના પુરાવા દરમ્યાન ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપવાનો પ્રયત્ન કરવામાં આવેલા છે, પરંતુ ફરિયાદ પક્ષના અતિ મહત્વના સાહેદો કહી શકાય તેવા ફરિયાદી–ઈજા પામનાર તથા અન્ય સ્વતંત્ર સાહેદોના પુરાવામાં ફરિયાદ પક્ષના કેસથી વિરોધાભાસી હકીકતો બહાર આવેલ છે જેથી ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા સાહેદો પૈકી માત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો ગણી કે માની શકાય નહી અને તે રીતે ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાથી ફરિયાદમાં આરોપીઓ સામે આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વોને આકર્ષી શકે તે

મુજબનો કોઈ નિઃશંક પુરાવો રજુ થયેલો નથી. પરિણામે, ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે. ટુંકમાં નોંધીએ તો, ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવા ઉપરથી તારીખઃ૦૩.૧૦.૨૦૨૧ના રોજ રાત્રીના ૮.૩૦ વાગ્યાના સુમારે ફરિયાદી નયનાબેન રાજેશભાઈ સોલંકીનાઓ પોતાના પતિની માલીકીની બલેનો કાર રાજેશભાઈના પ્રથમ પત્નીનો દિકરો માહીર તેના મામાના ઘરે રહેતો હોય તે લઈ ગયેલ તેની ચાવી તેની પાસે હોય જે ફરિયાદી તેમના પતિ સાથે તેના રહેણાંકના ઘરે તુલશીશ્યામ સોસાયટી, નોવીનો–તરસાલી રોડ ખાતે લેવા ગયેલ અને તેમના ઘરના ગેટ બહાર ઉભા રહી ચાવી માંગતાં, ફરિયાદીના પતિ રાજેશભાઈની સાળાવેલી એકતાબેન શર્મા (આરોપી નં.૧) નાઓ ફરિયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણતાં હોવા છતાં ઘરની બહાન આવીને ફરિયાદીને "તું મારા ઘરે કેમ આવેલ છે? તું તો હાવ ગરીબ ઘરની છે તારી શેની ફોર વ્હીલ ગાડી, આ ગાડી મારા જીજાજીની છે" તેમ કહેતા ફરિયાદીએ તેમને શાંત રહેવાનું કહી "મને ફક્ત ગાડીની ચાવી આપી દો હું જતી રહીશ" તેમ કહેતાં ફરિયાદીને ગંદી ગાળો આપી ફરિયાદીને ગાળો ન આપવા જણાવતાં કેતનભાઈ (આરોપી નં.૨) તથા માહીરનાઓ બહાર આવેલ અને ઉશ્કેરાઈ જઈ ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી એકતાબેને ફરિયાદીને ધક્કો મારી "અહિયાંથી નિકળ નહીં તો જાનથી મારી નાંખીશ" તેવી ધમકી આપતાં ફરિયાદીએ તેમનો હાથ પકડી લેતાં એકતાબેને ફરિયાદી સાથે ઝપાઝપી કરી ડાબા ગાલે થપ્પડો મારી ડાબા હાથના કાંડામાં મુક્કા મારી નીચે પાડી દઈ પેટના ભાગે ઈજા કરી તથા બનાવ સમયે અને સ્થળે આરોપીઓએ આ કામના ફરિયાદી અનુસુચિત જાતિના સભ્ય છે તેવું જાણતાં હોવા છતાં તેઓ વિરૂધ્ધ સદર અધિનિયમની અનુસુચિમાં જણાવેલ ગુન્હાઓ આચરીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ), ૧૯૮૯ ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો ગુનો આચરેલ હોવાની કોઈપણ હકીકત પણ નિઃશંકપણે પુરવાર થતી નથી અને તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જોય છે. *આથી, મુદા નંબરઃ ૧ તથા ૨ નો જવાબ નકારમાં આવે છે.*

૧૮. **મુદ્દા નં.3 :**

પરિણામે, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) આરોપીઓ – (૧) **અર્પિતાબેન ઉર્ફે એકતાબેન કેતનકુમાર શર્મા**, ઉંમર વર્ષઃ ૩૪, ધંધોઃ ઘરકામ, તથા (૨) **કેતનકુમાર ગોવિંદભાઈ શર્મા**, ઉંમર વર્ષઃ ૩૯, ધંધોઃ વેપાર, બંને રહેવાસીઃ સી–૨૩, તુલસીશ્યામ સોસાયટી, પદમ પાર્ક સોસાયટી પાછળ, નોવીનો રોડ, મકપુરા, વડોદરા શહેરનાઓને ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૩૫ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ), ૧૯૮૯ ની કલમ–૩(૧) (આર), (એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હાઓમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) દરેક આરોપીએ જામીન સમયે આપેલ જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭એ મુજબ દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/–ના જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આપવાના રહેશે.

(૩) મુદામાલ અપીલ સમયબાદ નિયમાનુસાર નિકાલ કરવો.

હુકમ આજ તારીખ: ૩૧મી માહે: જુલાઈ, સને ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

**તારીખઃ ૩૧.૦૭.૨૦૨૩** **(રાજેન્દ્ર એચ. પ્રજાપતિ)**
**સ્થળઃ વડોદરા** **સ્પેશયલ જજ (એટ્રોસીટી કેસીસ),**
**વડોદરા (જીજે–૦૦૮૮૯)**

A.K.Patel.